સંયુક્ત પ્રેસ રિલીઝ: ભારત- કેનેડા એનએસએ સ્તરનો સુરક્ષા સંવાદ (06 ઑક્ટોબર, 2026)

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજિત ડોભાલના નિમંત્રણ પર, વરિષ્ઠ રાજદ્વારી અને કેનેડાના પ્રધાનમંત્રીના આંતરરાષ્ટ્રીય બાબતોના સલાહકાર શ્રી ડેવિડ મોરિસને 05-07 ઑક્ટોબર 2026 દરમિયાન ભારતની મુલાકાત લીધી હતી.

2. નવી દિલ્હી ખાતેની બેઠક એનએસએ સ્તરે ચાલી રહેલ દ્વિપક્ષીય સુરક્ષા સંવાદના ભાગ રૂપે યોજાઈ હતી. આ માળખામાં અગાઉના સંવાદ સપ્ટેમ્બર 2025 માં નવી દિલ્હી ખાતે અને ફેબ્રુઆરી 2026 માં ઓટાવા ખાતે યોજાયા હતા.

3. બંને પક્ષોએ માર્ચ 2026 માં નવી દિલ્હી ખાતે અને જૂન 2026 માં એવિયન ખાતે જી7 શિખર સંમેલનની અનૌપચારિક બેઠકો દરમિયાન તેમના સંબંધિત પ્રધાનમંત્રીઓ દ્વારા આપવામાં આવેલા માર્ગદર્શનનો સ્વીકાર કર્યો હતો.

4. તેમણે વિતેલા વર્ષ દરમિયાન સતત અને રચનાત્મક દ્વિપક્ષીય જોડાણો પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો, જે પરસ્પર વિશ્વાસ, એકબીજાની ચિંતાઓ અને સંવેદનશીલતાઓ પ્રત્યેનો આદર, તથા દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાની સહિયારી પ્રતિબદ્ધતાથી પ્રેરિત છે. તેમણે એક વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (સીઈપીએ) માટેની વાટાઘાટોને આગળ ધપાવવાના પ્રયાસોને આવકાર્યા હતા. તેમણે નેતૃત્વના દૃષ્ટિકોણને અનુરૂપ એક સુદૃઢ દ્વિપક્ષીય સંરક્ષણ સંબંધને આગળ ધપાવવાની વધતી સંભાવનાઓ અંગે પણ ચર્ચા કરી હતી.

5. બેઠક દરમિયાન, બંને પક્ષોએ ફેબ્રુઆરી 2026 માં સંપન્ન થયેલી સહિયારી સુરક્ષા કાર્ય યોજનાના અમલીકરણ સહિત દ્વિપક્ષીય સુરક્ષા અને કાયદા અમલીકરણ સહયોગમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી.

6. તેઓ સરહદપારના સંગઠિત ગુનાઓ, આતંકવાદ અને હિંસક ઉગ્રવાદ, માનવ અને માદક દ્રવ્યોની તસ્કરી, સાઇબર ગુનાઓ, ખંડણી સામેની લડાઈ, અને ગુનાહિત અપરાધીઓના પ્રત્યાર્પણમાં સંકલન અને સહયોગને વધુ ગાઢ બનાવવા માટે સંમત થયા હતા. તેમણે સાઇબર સુરક્ષા અને આર્થિક સુરક્ષા અંગે સંરચિત સંવાદોની શરૂઆત કરવાની શક્યતાઓ ચકાસવા સહિત વ્યાવહારિક સહયોગ માટેના અતિરિક્ત ક્ષેત્રોની ઓળખ કરવા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો હતો.

7. બંને પક્ષો વર્તમાન સંસ્થાકીય પદ્ધતિઓને મજબૂત બનાવવા અને પરસ્પર હિત ધરાવતી બાબતો પર સુવ્યવસ્થિત સંચાર તથા સમયસર માહિતીની આપ-લેને સુગમ બનાવવા માટે યોગ્યતા અનુસાર નવા માધ્યમો સ્થાપિત કરવા સંમત થયા હતા.

8. બંને પક્ષોએ પ્રાદેશિક અને વૈશ્વિક ઘટનાક્રમો પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું.

નવી દિલ્લી

07 ઑક્ટોબર, 2026